# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- કચ્છના જખૌ દરિયાકિનારેથી આજે પણ ચરસના 20 જેટલા પેકેટ બિનવારસી હાલતમાં મરીન પોલીસ અને બીએસએફને મળી આવ્યા.
- અમદાવાદ શહેરની ગુનાશોધક શાખાએ વિદેશમાંથી કુરીયર દ્વારા અમદાવાદ મોકલવામાં આવેલો હાઇબ્રીડ ગાંજો અને પ્રવાહી માદક દ્રવ્યો ઝડપી પાડ્યા.
- ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા નિમિત્તે આજે જળયાત્રા યોજાઇ.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે પોલીયો દિવસ નિમિત્તે બાળકોને રસી પીવડાવીને પોલીયો અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.
- આણંદ શહેરની ફરતે 10 કિલોમીટર વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો.
- હવામાન વિભાગે આગામી ત્રણ કલાક દરમિયાન રાજ્યના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાંક જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## KUTCH - DRUGS

કચ્છના જખૌ દરિયાકિનારેથી આજે પણ ચરસના 20 જેટલા પેકેટ બિનવારસી હાલતમાં મરીન પોલીસ અને બીએસએફને મળી આવ્યા છે. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 100 કરોડ રૂપિયા છે.

આજે સવારે જખૌના સિંઘોડીના દરિયાઇપટ્ટી વિસ્તારમાંથી દરિયાના પાણીમાં તણાઇને આવેલા એક મોટા કોથળામાંથી 10 જેટલા ચરસના પેકેટ મરીન પોલીસને મળી આવ્યા હતા, ત્યાર બાદ બીએસએફે જખૌ દરિયાઇ પટ્ટીમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરતા બીજા 10 પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યા હતા.

અમારા ભૂજના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે કચ્છના દરિયાકાંઠેથી બિનવારસી હાલતમાં માદક પદાર્થોનો જથ્થો મળી આવવાનો સિલસિલો આજે 14મા દિવસે પણ યથાવત રહ્યો છે.

અત્યાર સુધીમાં માદક દ્રવ્યોના 340 પેકેટ મળી આવ્યા છે, જેની બજાર કિંમત 381 કરોડ રૂપિયા છે.

----------------

## TOY DRUGS - AHD

અમદાવાદ શહેરની ગુનાશોધક શાખાએ અને કસ્ટમ વિભાગે વિદેશમાંથી કુરીયર દ્વારા અમદાવાદ મોકલવામાં આવેલો 3 કરોડ 48 લાખ રૂપિયાની કિંમતનો હાઇબ્રીડ ગાંજો અને પ્રવાહી માદક દ્રવ્ય ઝડપી પાડ્યો

છે. કુલ 11 કિલો 601 ગ્રામ ગાંજાનો જથ્થો અને લિકવિડ માદક દ્રવ્યોની 60 બોટલો મળી આવી છે.

આ અંગે વધુ માહિતી આપે છે  ક્રાઇમ બ્રાન્ચના એસીપી ભરત પટેલ....

**(બાઇટ- ભરત પટેલ, એસીપી, ક્રાઇમ બ્રાન્ચ)**

..................................

## JAL YATRA - AHMEDABAD

ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા આગામી 7 જુલાઇના રોજ નગરચર્યાએ નીકળશે, જેના પ્રથમ ચરણમાં પરંપરાગત રીતે આજે જેઠ સુદ પૂનમના દિવસે જળયાત્રા યોજાઇ હતી. આ જળયાત્રા સવારે 8 વાગે વાજતે-ગાજતે જમાલપુર જગન્નાથ મંદિરેથી નીકળી સાબરમતી નદી સોમનાથ ભૂદરના આરે પહોંચી. જ્યાં ગંગાપૂજન બાદ 108 કળશોમાં નદીનું જળ લાવી નીજ મંદિરે ભગવાનનો જળાભિષેક કરાયો હતો. બાદમાં ભગવાનને ગજવેશ ધારણ કરાવીને મહાઆરતી કરતા મંદિર પરિસર જય રણછોડના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, જગન્નાથ મંદિરના મહંત દિલીપ દાસજી મહારાજ, જાણીતા સંત અવિચલદાસ મહારાજ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ અને નગરજનો હાજર રહ્યા હતા.

-------

## PORBANDAR- SNAN YATRA

પોરબંદરના જગન્નાથ મંદિરે આજે સ્નાન યાત્રા, જયેષ્ઠા અભિષેકનું આયોજન કરાયું હતું. સાથે જ ભગવાન શ્રીકૃષ્ણની નૌકા વિહાર લીલાના અલૌકિક દર્શન પણ યોજવામાં આવ્યા હતા. મંદિરના મહંતો દ્વારા દર્શન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

દરમિયાન પાટણ જિલ્લાના જગદીશ મંદિરે આજે ભગવાનના પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે ફળોનો મનોરથ સજાવવામાં આવ્યો.

..................................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## POLIO DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે પોલીયો દિવસ નિમિત્તે બાળકોને રસી પીવડાવીને પોલીયો અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે સવારે સાડા આઠ વાગે ગાંધીનગરના કોમ્યુનિટી હોલ ખાતેથી આ અભિયાનનો પ્રારંભ કરાવશે.

..................................

## POLIO - WORKSHOP

પોલીયો રવિવાર અંતર્ગત આવતીકાલે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, સૂત્રાપાડા, તાલાલા અને કોડીનાર સહિત તમામ તાલુકાઓમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મળી આશરે એક લાખ 34 હજાર બાળકોને પોલિયોના ટીપાથી સુરક્ષિત કરવામાં આવશે. જે અંતર્ગત આજે જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાયકરની અધ્યક્ષતામાં એન.આઇ.ડી. વર્કશોપ યોજાયો હતો.

આ વર્કશોપમાં જિલ્લાના તમામ તાલુકા આરોગ્ય અધિકારી અને સંલગ્ન આરોગ્ય અધિકારીઓને પોલિયો રસીકરણ અંગે ઝીણવટ ભરી માહિતી આપવામાં આવી હતી.

----------------------------

## Ananda - Cholera

આણંદ શહેરની ફરતે 10 કિલોમીટર વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો છે.

આણંદ જિલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારો બાદ હવે આણંદ શહેરમાં પણ બે કોલેરાના પોઝીટીવ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગે તાત્કાલિક જાહેરનામુ પ્રસિદ્ધ કરી આણંદ શહેરના ફરતે દસ કિલોમીટર વિસ્તારને

કોલેરા ભયગ્રસ્ત જાહેર કર્યો છે. આ અંગે વધુ માહિતી આપે છે.. જિલ્લા આરોગ્ય અધિકારી દિપક પરમાર.....

**(બાઇટ- દિપક પરમાર, આરોગ્ય અધિકારી)**

.................

## WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ કલાક દરમિયાન રાજ્યના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાંક જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે મોડી સાંજ સુધીમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ અને સૌરાષ્ટ્રના રાજકોટ તેમજ જામનગરમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા દર્શાવી છે. આ ઉપરાંત મોડી સાંજ સુધીમાં ગુજરાતના મહિસાગર, ડાંગ, નર્મદા, તાપી, વલસાડ, નવસારી તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

વાપીમાં આજે 43 મીલીમીટર, વલસાડમાં 36, ઉમરગાંવમાં 25, મહુવામાં 22, કપરાડામાં 18, પારડીમાં 12, ધરમપુરમાં 7, પોશીના, કાલાવાડ, ચોર્યાસીમાં 3-3, જ્યારે વઘઇમાં બે મીલીમીટર વરસાદ નોંધાયો છે.

.................

# FRAUD CALL- PMMVY

પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત ખોટા ફોન કરીને બેન્કની માહિતી મેળવી લોકોના બેન્ક ખાતામાંથી પૈસા ઉપાડી લેવાના બનાવો બનવા પામ્યા છે.

આ અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ફ્રોડ કોલ એટલે કે ખોટા કોલ અંગે પરિપત્ર જાહેર કર્યો છે. આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા આવી કોઇ માહિતી માંગવામાં આવતી નથી. તેથી કોઇ પણ લાભાર્થીએ આવી લોભામણી જાહેરાતોથી દૂર રહેવું અને પોતાની બેન્કની માહિતી, આધારકાર્ડ નંબર, OTP આપવાના નથી. આવા બનાવોમાં સ્થાનિક સાયબર ક્રાઇમ સેલમાં ફરિયાદ કરવા જણાવવામાં આવ્યું છે.

----------------------------

# VALSAD- SUMMER CAMP

વલસાડ જિલ્લાના ઉલ્હાસ જીમખાના અતુલ ખાતે આજે ક્રિકેટ કોચિંગ સમર કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો.

આ સમરકેમ્પમાં ધરમપુર, વલસાડ, પારડી, ઉદવાડા, વાપી અને અતુલ સહિત આસપાસના ગામોમાંથી 285 છોકરાઓ અને 44 છોકરીઓ મળી કુલ 329 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ક્રિકેટ કોચિંગ સમર કેમ્પમાં ભાગ લેનાર બાળકોને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

--------------------

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ હેઠળ ટીબી મુક્ત પંચાયત અંતર્ગત જિલ્લાના ક્ષયમુક્ત થયેલા 31 ગામોના સરપંચ અને નિક્ષણ મિત્રોનો સન્માન સમારોહ વેરાવળ ખાતે યોજાયો.
- વેરાવળ ડેપો ખાતે ગીર સોમનાથ જિલ્લાના ફાયર અને તાત્કાલિક સર્વિસીસ વેરાવળ દ્વારા ફાયર સેફ્ટીની તાલીમ અપાઇ.
- જામનગર પોલીસ હેડક્વાર્ટસમાં આ સોમવારે લોન સેવા માટે જનસંપર્ક મેળો યોજાશે.
- તાપી જિલ્લાના પેલાડ લુહારી ગામેથી દીપડી પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહત અનુભવી છે.
- દિપકિરણ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા છોટાઉદેપુર જિલ્લાની 15 શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવી.
- દમણમાં આવેલ મજૂર વસાહત માલિકો અને ભંગારના વેપારીઓ સાથે આરોગ્ય વિભાગે  ચોમાસા દરમિયાન ડેન્ગ્યુ અને મેલેરિયાના ફેલાવાને રોકવા તાલીમ યોજાઇ.
- ડાંગમાં આવેલા બરડીપાડા-મહાલ રોડ મોટા વાહનો માટે 18મી જૂનથી 15મી જુલાઇ સુધી બંધ રહેશે.

- ડાંગ જિલ્લાના શિવારીમાળ ગામના 100થી વધુ પરિવારોને વનલક્ષ્મી યોજનાની ગ્રાન્ટમાંથી ધારાસભ્ય વિજય પટેલના હસ્તે સિમેન્ટના પતરાનું વિતરણ કરાયું.

----------